# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-10-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો
2) કેન્દ્રીય કેબિનેટે રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવોમાં વધારો જાહેર કર્યો
3) રાજ્ય સરકારે તહેવારોને જોતાં કર્મચારીઓને ઑક્ટોબર માસનો પગાર - પેન્શનની આગોતરી ચૂકવણી કરવાનો નિર્ણય કર્યો.
4) લોથલમાં 200 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિશ્વનું સૌથી ઉંચુ લાઈટહાઉસ મ્યુઝીયમ બનાવાશે.
5) કચ્છના કંડલામાં ખાનગી કંપનીમાં ગેસ ગળતર થતા પાંચ શ્રમિકોના મોત
6) ચાર મહિનાના વેકેશન બાદ આજથી ગીર અભ્યારણ્ય પ્રવાસીઓ માટે ફરી ખુલ્લુ મુકાયું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CABINET DECISION ON DA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં 3 ટકાના વધારાને મંજૂરી આપી છે. સરકારના આ નિર્ણયથી અંદાજે 49 કરોડ, 18 લાખ કેન્દ્રીય કર્મચારીઓને, જ્યારે 64 કરોડ 89 લાખ પેન્શનરોને ફાયદો થશે. આ નિર્ણયથી સરકારી તીજોરી પર વર્ષિક 9 હજાર 448 કરોડ રૂપિયાનું ભારણ વધશે.

---------------------------------------------------------------------

- --પુલ સુનિતા

-(NAVIN)

# CABINET DECISION ON MSP

કેન્દ્રીય કેબિનેટે વર્ષ 2025-26ની બજાર સિઝન માટેના રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં પણ વધારો કર્યો છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું કે સરસવના પાકમાં સૌથી વધુ 300 રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. મસુર દાળના ભાવમાં 275 રૂપિયા, ચણાના ભાવમાં 210 રૂપિયા, જવના ભાવમાં 130 રૂપિયા, તેમજ ઘંઉના લઘુત્તમ ટેકાના ભાવોમાં 150 રૂપિયા પ્રતિક્વિન્ટલનો વધારો જાહેર કર્યો છે.

---

- પુલ, સુનિતા -(NAVIN)

# DIWALI ADVANCE SALARY

રાજ્ય સરકારે દિવાળીના તહેવારોને અનુલક્ષીને સરકારી કર્મચારીઓને ઑક્ટોબર માસનો પગાર અને પેન્શનની આગોતરી ચૂકવણી કરવાનો નિર્ણય કર્યો છે.

સરકારી કર્મચારીઓ તેમજ પેન્શનર્સને ઑક્ટોબર માસનો પગાર 23થી 25 તારીખ દરમિયાન ચૂકવવામાં આવશે.

વિવિધ કર્મચારી મંડળો, એસોસિએશન અને અગ્રણીઓ દ્વારા આ સંદર્ભે મળેલી રજૂઆતના પ્રતિસાદમાં રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# KRISHI VYAVSAY NITI

રાજ્ય સરકારે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ હેઠળ 10 કરોડ રૂપિયાની સહાયની ચૂકવણી કરી છે. ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના હસ્તે વધુ 31 લાભાર્થીઓને આ સહાય ચૂકવવામાં આવી.

આ પ્રસંગે કૃષિ મંત્રીએ યોજના સંદર્ભેના વિવિધ મુદ્દાઓ અંગે ઉદ્યોગ સાહસિકો સાથે ચર્ચા કરી તેમના પ્રતિભાવ મેળવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા CSRના ભાગરૂપે ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇસ્ટિટ્યૂટને 'હોમ કેર વિઝિટ વાન' અર્પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ હોઠળ રાજ્ય સરકાર કૃષિ ઉદ્યોગોને મૂડી રોકાણ, વ્યાજ સહાય જેવા જુદા જુદા ઘટકો માટે સહાય આપે છે.

------------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર – સુનિતા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# One Important Announcement

એક અગત્યની જાહેરાત...

આકાશવાણી, અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં 23 વર્ષનાં સફળ વહીવટી કાર્યકાળ અંગે આકાશવાણી અમદાવાદના સમાચાર વાચક અનિલ પટેલે વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક અજય ઉમટની લીધેલી મુલાકાત રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું પ્રસારણ આજે રાત્રે 9-15 કલાકે 846 કિલોહર્ટ્ઝ અને 96.7 FM પર કરવામાં આવશે, જેની તમામ શ્રોતાઓએ નોંધ લેવી....

અગત્યની જાહેરાત પૂરી થઈ...

---------------------------------------------------------------------

- - રિપીટ (સાંજની)

-(NAVIN)

# Lothal Heritage

**લોથલમાં 200 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિશ્વનું સૌથી ઉંચુ લાઈટહાઉસ મ્યુઝીયમ બનાવવામાં આવશે. જયારે દેશનું પ્રથમ રાષ્ટ્રીય નૌકાદળ હેરિટેજ કોમ્પ્લેક્ષ તૈયાર કરવામાં આવશે.**

પહેલા તબક્કાનું આ કામ 60 ટકા જેટલું પૂર્ણ થઇ ગયું છે. જેમાં છ ગેલેરીઓનો સમાવેશ કરાશે. આ મ્યુઝિયમ ભારતીય નૌકાદળ અને તટરક્ષકદળને સમર્પિત કરવામાં આવશે.

જયારે બીજા તબક્કામાં આઠ ગેલેરીઓ તેમજ એક લાઇટહાઉસ મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. તેમાં એક બગીચા કોમ્પ્લેક્સમાં 1500 વાહનો માટે પાર્કિંગ, એક ફૂડ હોલ અને મેડિકલ સેન્ટર હશે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગોના મંત્રીના નેતૃત્વમાં એક વિશેષ સોસાયટી દ્વારા આ તબક્કાઓની કામગીરીનું સંચાલન કરવામાં આવશે.

આ વિકાસકાર્યોથી 15 હજાર પ્રત્યક્ષ અને 7 હજાર પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે.

---

- માહિતી, હિના મોદી -(NAVIN)

# KUTCH WORKER DEATH

કચ્છના કંડલામાં એક ખાનગી કંપનીમાં ઝેરી ગેસની અસર થતા પાંચ શ્રમિકોના મોત થયા છે. કંડલા પોલીસે આ સમગ્ર મામલે સુરક્ષના સાધનોના અભાવે બેદરકારીને કારણે મોત થયા હોવાના આધાર પર તપાસ હાથ ધરી છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી....

BYTE – HEMNAG PATANI VC

---------------------------------------------------------------------

- પીટીસી કચ્છ - સુનિતા -(NAVIN)

# VAV BYPOLL

બનાસકાંઠાની વાવ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીનું જાહેરનામું ૧૮ ઑક્ટોબરે પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે ૧૩ નવેમ્બરે મતદાન તથા ૨૩ નવેમ્બર, ૨૦૨૪ એ પરિણામ જાહેર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક ધારાસભ્ય ગેનીબેન ઠાકોર ગત લોકસભાની સામાન્ય ચૂંટણીમાં વિજેતા થવાથી તેમના રાજીનામાના કારણે વાવ વિધાનસભા બેઠક ખાલી પડી હતી

બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઇ. જેમાં તેમણે જણાવ્યું કે, જિલ્લામાં વિવિધ કામગીરીને લઈને નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર સક્રિય છે

BYTE : મિહિર પટેલ, જિલ્લા ચૂંટણી અધિકારી

---

- પીટીસી બનાસકાંઠા

હિના મોદી -(NAVIN)

# GIR SAFARI

ચાર મહિનાના વેકેશન બાદ આજથી ગીર અભ્યારણ્ય પ્રવાસીઓ માટે ફરી ખુલ્લુ મુકાયું છે. આજે સવારે 6 વાગ્યે નાયબ વન સંરક્ષક મોહન રામે પ્રથમ ટુકડીને લીલી ઝંડી આપી પ્રારંભ કરાવ્યો હતો. પ્રથમ દિવસે જ પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

મોહન રામે કહ્યું કે લગભગ દિવાળી સુધી તમામ બુકીંગ થઇ ગયું છે. આ વખતે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અભ્યારણ્યમાં સિંહ દર્શન માટે જતી તમામ જીપ્સી નવી ખરીદવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ચોમાસાના ચાર મહિના દરમિયાન પ્રજનન કાળનો સમય હોઈ વન વિભાગ દ્વારા 15 જૂનથી 15 ઑક્ટોબર દરમિયાન ગીર અભ્યારણ્ય પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# AMRELI MAGFALI FARMER

છેલ્લા 15 દિવસમાં પડેલા વરસાદને પગલે અમરેલી જિલ્લામાં મગફળીના પાકને ભારે નુકસાન થતા ખેડૂતો મુશ્કેલીમા મૂકાયા છે.

જિલ્લામાં સવા બે લાખ એકરમાં મગફળીનું વાવેતર કરાયું છે. જોકે વરસાદને પગલે ખેતરમાં રહેલો ઉભો પાક નાશ પામ્યો છે. ઘણા ખેતરોમાં કાપેલી મગફળીનો જથ્થો બગડી ગયા હોવાની ફરિયાદ ખેડૂતો કરી રહ્યા છે.

## બાઈટ 1 જીવાભાઈ નકુમા (ખેડૂત સાવરકુંડલા)

---

- ndms -સુનિતા -(NAVIN)

# Ravi Pak

રાજ્યમાં ચાલુ વર્ષે સારો એવો વરસાદ થતાં ખેડૂતોને રવિ પાકમાં નુકસાન થયું છે પરંતુ સરકારે ખેડૂતોને ખાતરી આપી છે કે, તેમને ખાતરમાં કોઈ તંગી રહેશે નહીં. જેના માટે સરકારે આગોતરા પગલાના ભાગરૂપે કેન્દ્ર સરકાર પાસેથી ખાતરની માગણી કરી છે.

રાજય સરકારે 6 લાખ 80 હજાર મેટ્રીક ટન ખાતરની માંગણી કરતાં કેન્દ્ર સરકારે ખાતરનો કેટલોક જથ્થો રાજ્યને પહોંચાડયો છે.

---------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર – હિના -(NAVIN)

# GUJ WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં ગરમી વધવાની શક્યતા વ્યક્ત કરી છે. આગામી ચારથી પાંચ દિવસ સુધી રાજ્યમાં સરેરાશ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારો થઈ શકે છે.

દરમિયાન ઉત્તર ગુજરાત પંચમહાલ, દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતમાં વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ તેમજ દાદરાનગર હવેલીના અંતરિયાળ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં રાજકોટ, જુનાગઢ, અમરેલી, ગીર, સોમનાથ, તેમજ કચ્છ અને દીવમાં ક્યાંક ક્યાંક વરાસાદી ઝાપટાં પ઼ડી શકે છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં તાપમાન સૂકું રહેશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# Red Cross

નર્મદા જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઉત્કૃષ્ટ રક્તદાન પ્રવૃતિઓ માટેનો એવોર્ડ મળ્યો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો.

નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૩ થી ઇન્ડિયન રેડક્રોસ સંચાલિત એક માત્ર બ્લડ બેંક રાજપીપલામાં કાર્યરત છે.

ગુજરાત સ્ટેટ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા દર વર્ષે જિલ્લાઓમાં થઈ રહેલી રકતદાનની કામગીરીને બિરદાવવા જિલ્લાઓને એવોર્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

-----------------------------------------------------------------------

- માહિતી – હિના મોદી -(NAVIN)

# Somnath Laxmi Pujan

શિવભક્તો હવે ઓનલાઈન માધ્યમથી સોમનાથ મંદિર ખાતે લક્ષ્મી પૂજનમાં જોડાઈ શકશે. 31 ઓકટોબરે, દિવાળીના દિવસે સાંજે પોણા છ થી 7:00 વાગ્યા સુધી યોજાનાર લક્ષ્મી પુજનમાં ભક્તો પ્રત્યક્ષ આવીને તેમજ ઓનલાઇન માધ્યમથી પણ જોડાઈ શકશે. ઓનલાઈન પૂજન નોંધાવનાર ભક્તોને પૂજા કરેલ રોજમેળ, શ્રીયંત્ર, બોલપેન, સોમનાથ મહાદેવના નમન અને ભસ્મ, રુદ્રાક્ષ પ્રસાદ તરીકે તેમણે નોંધાવેલા સરનામા પર મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ માટે 1500 રૂપિયાની કિંમત રાખવામાં આવી છે. ભક્તો પૂજા ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ somnath.org પરથી, મંદિરના પૂજાવિધિ કાઉન્ટર પરથી, અથવા QR કોડ દ્વારા નોંધાવી શકશે. પ્રત્યક્ષ લક્ષ્મી પૂજન તેમજ વર્ચ્યુઅલ પૂજા માટે મર્યાદિત સ્લોટ્સ હોવાથી અગાઉથી નોંધણી કરવી જરૂરી છે.

---

- રીપીટ

# FATAFAT NEWS

હવે રાજ્યના અન્ય કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- ભુજમાં જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ 70થી વધુ કિશોરીઓને પૂર્ણા યોજના તેમજ ITIમાં સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી. આ ઉપરાંત શી ટીમ દ્વારા સાઇબર ક્રાઇમ, ગુડ ટચ બેડ ટચ વિશેની સમજ સાથે કાયદાકીય માર્ગદર્શન અપાયું.
- મહીસાગર જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે જિલ્લા કલેકટરના વડપણમાં યોજાયેલી બેઠકમાં પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોને થયેલા લાભો અને વધુ માર્ગદર્શન આપવા વિશે ચર્ચા કરાઈ.
- પાટણ જિલ્લા સહકારી સંઘ દ્વારા સહકારી સંસ્થાઓના સહકારી મંત્રી અને મેનેજર માટેના એક મહિનાના તાલીમ વર્ગોનું આજે સમાપન થયું, જેમાં 127 જેટલા સહકારી સંસ્થાના કર્મચારીઓ સહકારી પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન મેળવ્યું.
- દાહોદમાં તાલુકા આરોગ્ય કચેરી ઝાલોદ ખાતે ટીબી ચેમ્પિયન માટેનો તાલીમ કાર્યક્રમ યોજાયો.
- અંક્લેશ્વરની ખાનગી કંપનીમાંથી કોરોડનું ડ્રગ્સ પકડાયા મામલે આમ આદમી પાર્ટીના કાર્યકર્યાઓએ ભરૂચ કલેક્ટરને આવેદન પત્ર પાઠવ્યું હતું.
- તાપી જિલ્લા એલસીબીએ 1.39 લાખની કિંમતનો દેશી દારૂ સહિત કુલ 6.39 લાખની કિંમતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.